RNI NO-GUJGUJ/2020/79359

E-mail- prajapankh@gmail.com

# પ્રજાપંખ

PRAJA PANKH (GUJARATI WEEKLY- SURAT)

EDITOR-MITALKUMAR PRAKASHBHAI BHAVSAR

ગુજરાતી સાપ્તાહિક- સુરત

પ્રજાપંખ- ન્યુઝ પેપર મેળવવા
www.prajapankh.com
99980 61470
93747 20143
ઉપર ના નંબર પર સંપર્ક કરો

વર્ષ-૦૬ અંક- ૪૪ (સુરત) તા.૦૪/૦૮/૨૦૨૬ મંગળવાર તંત્રી- મિતલકુમાર પ્રકાશભાઈ ભાવસાર, પાના-૦૪ કિંમત ૧/- રૂ. ૯૯૯૮૦ ૬૧૪૭૦

YEAR-06, ISSUE-44 SURAT DATE-04/08/2026 TUESDAY, SURAT. EDITOR-MITALKUMAR PRAKASHBHAI BHAVSAR PAGE- 04, RS- 01/- ONLY. Mo-99980 61470

2 રશ્મિકાને ઇજા થતાં ડોક્ટર્સની છ અઠવાડિયા આરામ કરવા સલાહ

2 ગુજરાતને અરુણાચલથી જોડતી એકમાત્ર ટ્રેન આખી રિઝર્વ્ડ થઇ, 'ઈનર લાઈન પરમિટ' લાગુ થતાં જનરલ ટિકિટ નહી મળે

3 'વતનનું ઋણ ચૂકવવા' શિક્ષક દંપતીઓ અને સેવાભાવીઓ પૂરગ્રસ્તોની વ્હારે

3 રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, સુરત મહાનગર, રાંદેર સેન્ટ્રલ ઝોન દ્વારા ગુરુપૂર્ણિમા નિમિત્તે 'ગુરુવંદના' કાર્યક્રમ યોજાયો

## આવનારા ૧૦૦ રવિવાર બદલશે ભારતનું ભવિષ્ય, PMમોદીએ નશા વિરુદ્ધ શરૂ કર્યું રાષ્ટ્રવ્યાપી અભિયાન

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'નશા મુક્ત યુવા ફોર વિકસિત ભારત સંકલ્પ અભિયાન'નો પ્રારંભ કર્યો છે. વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ૨૮,૦૦૦ થી વધુ સ્થળોએથી ૧ કરોડથી વધુ યુવાઓએ નશામુક્ત ભારતના નિર્માણનો સંકલ્પ લીધો. મોદીએ ડ્રગ્સના કારોબારને દુશ્મન દેશોનો આતંકવાદી એજન્ડા ગણાવ્યો. તેમણે યુવાનોને દેશની અમૃત પેઢી ગણાવી, જે ૨૦૪૭માં વિકસિત ભારત બનાવશે. આગામી ૧૦૦ રવિવાર 'નશા મુક્ત ભારત' માટે ૧૦૦ મજબૂત પગલાં સાબિત થશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશભરમાં યુવાનોને નશા વિરુદ્ધ સંઘટિત કરવાના ઉદ્દેશ્યથી 'નશા મુક્ત યુવા ફોર વિકસિત ભારત સંકલ્પ અભિયાન'ની શરુઆત કરી છે. વિડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી શરૂ થયેલી આ રાષ્ટ્રવ્યાપી પહેલ હેઠળ ૨૮,૦૦૦ થી વધુ જગ્યાઓથી જોડાયેલા ૧ કરોડથી વધુ યુવા સાથીઓએ નશામુક્ત ભારતના નિર્માણનો સંકલ્પ લીધો છે. વડાપ્રધાન મોદીએ કાર્યક્રમને સંબોધિત કરતા જણાવ્યું હતું કે આ અભિયાન વ્યક્તિ, પરિવાર, સમાજ અને રાષ્ટ્ર માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. 'વિકસિત ભારત સંકલ્પ અભિયાન માટે નશામુક્ત યુવા' આ મુવમેન્ટનું નામ જ તેના સંકલ્પને સ્પષ્ટ કરે છે.



### દુશ્મનોના 'આતંકવાદી એજન્ડા' પર વડાપ્રધાનનું કડક નિવેદન

વડાપ્રધાને જણાવ્યું હતું કે દુશ્મન દેશો ભારતમાં ડ્રગ્સ મોકલીને અને યુવાનોને નિશાન બનાવીને દેશને નબળો પાડવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે ગેરકાયદે ડ્રગ્સના કારોબારને દુશ્મનના આતંકવાદી એજન્ડાનો હિસ્સો ગણાવ્યો. તેમણે ભારપૂર્વક કહ્યું કે જયારે દેશે વિકસિત ભારતનું લક્ષ્ય નક્કી કર્યું છે, ત્યારે તેના માટે દેશના યુવાનો તન-મનથી સ્વસ્થ અને આત્મવિશ્વાસથી ભરપૂર હોવા જરૂરી છે.

### આગામી ૧૦૦ રવિવાર બનશે ૧૦૦ મજબૂત પગલાં

વડાપ્રધાને આ અભિયાનને સામૂહિક જનઆંદોલન બનાવવાની જરૂરિયાત પર ભાર મૂકતા કહ્યું કે, આગામી ૧૦૦ રવિવાર 'નશા મુક્ત ભારત'ની દિશામાં ૧૦૦ મજબૂત પગલાં સાબિત થશે. આજે હજારો શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીઓના લાખો વિદ્યાર્થીઓ આ કાર્યક્રમ સાથે ઓનલાઈન જોડાયા છે. સરકાર પણ ડ્રગ્સના કારોબારીઓ સામે અત્યંત સખત કાર્યવાહી કરી રહી છે, જેના ભાગરૂપે પહેલાની સરખામણીએ ઘણી વધારે ધરપકડો કરવામાં આવી છે અને હજારો કરોડ રૂપિયાના ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યા છે.

વડાપ્રધાને પરિવારો અને યુવાનોને માર્ગદર્શન આપતા કહ્યું કે જો કોઈ યુવા ભૂલથી પણ નશાની ચપેટમાં આવી જાય તો તેના બધા રસ્તા બંધ થઈ જતા નથી. સામાજિક પ્રતિષ્ઠાના ડરથી આવી બાબતો છુપાવવી જોઈએ નહીં, પરંતુ ત્વરિત મેડિકલ હેલ્પ લેવી જોઈએ.

## કોમર્શિયલ એલપીજીના ભાવમાં ૧૯૨ રૂપિયાનો ઘટાડો, એટીએફમાં રૂ. ૫ વધ્યા

નવી દિલ્હી : કેન્દ્ર સરકારે શનિવારે નવા મહિનાની શરૂઆતમાં જ હોટેલ, રેસ્ટોરાં અને ઔદ્યોગિક ક્ષેત્રમાં વપરાતા કોમર્શિયલ એલપીજી ગેસના બાટલાના ભાવમાં સતત બીજા મહિને રૂ. ૨૦૦ જેટલો ઘટાડો કર્યો છે જયારે એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (એટીએફ)ના ભાવમાં પ્રતિ લીટર રૂ. ૫નો વધારો કર્યો છે.



કોમર્શિયલ એલપીજીના ભાવમાં ઘટાડાના પગલે ગેસના ૧૯ કિલોના વાદળી બોટલનો ભાવ દિલ્હીમાં રૂ. ૨,૭૩૮ થઈ ગયો છે, જે ગયા મહિને રૂ. ૨,૯૩૦ હતો. બીજીબાજુ એટીએફનો ભાવ પ્રતિ લીટર રૂ. ૧૧૦થી વધારીને રૂ. ૧૧૫ કરાયો છે તેમ સરકારી ઓઈલ કંપનીઓએ જણાવ્યું હતું.

કોમર્શિયલ એલપીજીની સાથે ઓઈલ કંપનીઓએ પાંચ કિલોના સિલિન્ડરનો ભાવ પણ રૂ.૮૦૮.૫૦થી રૂ.૪૬.૫ ઘટાડીને રૂ. ૭૬૨ કર્યો છે. જોકે, ૧૪.૨ કિલોના ઘરેલુ એલપીજીના ભાવમાં કોઈ ફેરફાર કરાયો નથી. ઘરેલુ એલપીજીનો ભાવ પ્રતિ સિલિન્ડર છેલ્લે ૭ જૂને રૂ. ૨૯ વધારવામાં આવ્યો હતો.

ઓઈલ કંપનીઓએ સતત બીજા મહિને કોમર્શિયલ એલપીજીના ૧૯ કિલોના વાદળી બોટલના ભાવમાં ઘટાડો કર્યો છે. સરકારે ૧ જુલાઈએ રૂ. ૧૮૩.૫નો ઘટાડો કર્યો હતો. પશ્ચિમ એશિયામાં અમેરિકા-ઈરાન યુદ્ધની કટોકટીના પગલે જૂનમાં કોમર્શિયલ ગેસના ૧૯ કિલોના સિલિન્ડરના ભાવમાં વધારા પછી સરકારે આ રાહત આપી છે. ફેબ્રુઆરીના અંતમાં મધ્ય-પૂર્વમાં યુદ્ધ ફાટી નીકળ્યા પછી કોમર્શિયલ એલપીજીનો ભાવ પ્રતિ ૧૯ કિલોના સિલિન્ડર રૂ. ૧,૩૭૩થી વધીને જૂનમાં રૂ. ૩,૧૧૩.૫૦ થઈ ગયો હતો.

દરમિયાન સરકારે રેલવે ટિકિટના બૂકિંગના નિયમોમાં પણ ફેરફાર કર્યા છે, જેના હેઠળ હવે ટોકન આપવાનો સમય તત્કાલ બૂકિંગ શરૂ થવાની સાથે જ થશે, જેથી રિઝર્વેશન સેન્ટર પર ભીડ ઘટી જશે.

## ભારતે સ્વદેશી ટર્બોજેટ એન્જિન તૈયાર કર્યું, ભવિષ્યના યુદ્ધ અને મિસાઇલ-ડ્રોન ટેક્નોલોજીની દિશામાં મોટી છલાંગ

DRDOએ દેશનું પ્રથમ ૩૫૦ કિલોગ્રામ થ્રસ્ટ-ક્લાસ એક્સપેન્ડેબલ ટર્બોજેટ એન્જિન સફળતાપૂર્વક બનાવ્યું છે. આ સિદ્ધિ સાથે ભારત મિસાઈલ અને ડ્રોન માટે જેટ એન્જિન ડિઝાઈન કરનાર વિશ્વના ખાસ દેશોમાં સામેલ થયું છે. GTRE બેંગલુરુ દ્વારા ડિઝાઈન કરાયેલું આ એન્જિન હૈદરાબાદની આઝાદ એન્જિનિયરિંગે બનાવ્યું છે. તેનો ઉપયોગ ક્રૂઝ મિસાઈલ અને જેટ-પાવર્ડ ડ્રોનમાં થશે, જે 'આત્મનિર્ભર ભારત'ને મોટું બળ પૂરું પાડે છે.

સંરક્ષણ અને એરોસ્પેસ ટેક્નોલોજીના ક્ષેત્રમાં ભારતે એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે. DRDO દ્વારા દેશનું પ્રથમ ૩૫૦ કિલોગ્રામ થ્રસ્ટ-ક્લાસ એક્સપેન્ડેબલ ટર્બોજેટ એન્જિન સફળતાપૂર્વક તૈયાર કરવામાં આવ્યું છે. આ ઐતિહાસિક સફળતા સાથે ભારત હવે વિશ્વના એવા ચૂંટાયેલા દેશોના ખાસ ક્લબમાં સામેલ થઈ ગયું છે, જેઓ પોતાની રીતે મિસાઈલો અને ડ્રોન માટે આધુનિક જેટ એન્જિન ડિઝાઈન અને ઉત્પાદન



કરવાની ક્ષમતા ધરાવે છે.

આ ખાસ એન્જિનને DRDOની બેંગલુરુ સ્થિત લેબ 'ગેસ ટર્બાઇન રિસર્ચ એસ્ટાબ્લિશમેન્ટ' દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યું છે, જયારે હૈદરાબાદની ખાનગી કંપની આઝાદ એન્જિનિયરિંગ દ્વારા તેને તૈયાર કરાયું છે.

આ એક 'એક્સપેન્ડેબલ' એટલે કે સિંગલ-યુઝ (એક જ વાર ઉપયોગમાં આવતું) એન્જિન છે. તેનો ઉપયોગ ક્રૂઝ મિસાઈલ, જેટ-પાવર્ડ સુસાઈડ ડ્રોન (લોઈટરિંગ મ્યુનિશન), ટાર્ગેટ ડ્રોન અને માનવરહિત વિમાનોમાં કરવામાં આવશે.

## આતંકી ઓળખ છૂપાવી મજૂરો પાસે ૧૫ મિનિટ બેઠો પછી ગોળીઓ ધરબી દીધી

શ્રીનગર : જમ્મુ-કાશ્મીરના કુલગામમાં આતંકીઓએ છત્તીસગઢના ૨ મજૂરો પર ગોળીબાર કર્યો. જેમાં એકનું મોત થયું, જયારે અન્ય ગંભીર છે. લતીફ બટ નામના આતંકીએ સામાન્ય નાગરિક બની, પાણી માંગી ૧૫ મિનિટ વાતચીત કરી હુમલો કર્યો. પત્ની પાણી લેવા ગઈ ત્યારે તેણે ગોળીબાર કર્યો અને ભાગી ગયો. સુરક્ષા દળો તેની શોધખોળ કરી રહ્યા છે.



જમ્મુ કાશ્મીરના કુલગામમાં આતંકીઓએ છત્તીસગઢના બે મજૂરો પર બેફામ ગોળીબાર કર્યો હતો. જેમાં એકનું મોત નિપજ્યું હતું, આ હુમલાની તપાસમાં સામે આવ્યુંછે કે આતંકીઓ આ મજૂરો પાસે સામાન્ય નાગરિક બનીને આવ્યા હતા, પહેલા થોડો સમય વાતચીત કરી પછી પાણી માગ્યું અને ગોળીબાર કરી દીધો હતો.

દક્ષિણ કાશ્મીરના કુલગામમાં ઇટના ભઠ્ઠા પર કામ કરતા છત્તીસગઢના મજૂરો પર શુક્રવારે બેફામ ગોળીબાર કરાયો જેમાં એકનુંમોત નિપજ્યુંજયારે એકની સ્થિતિ ગંભીર છે. આ હુમલો લતીફ બટ દ્વારા કરાયો હતો જેની તસવીર પોલીસ દ્વારા જાહેર કરવામાં આવી છે. તપાસમાં ચોકાવનારા ખુલાસા થયા છે. લતીફ નામનો આ આતંકી પોતાની બેગમાં રાઇફલ છૂપાવીને મજૂરો પાસે સામાન્ય નાગરિક જેમ પહોચ્યો અને વાતચીત કરવા લાગ્યો. મજૂરોએ માનવતા દાખવી અને આતંકીને સામાન્ય નાગરિક સમજીને પાણી પાયુ, બન્ને વચ્ચે થોડો સમય વાતચીત થઇ, આતંકી લગભગ ૧૫ મિનિટ સુધી મજૂરોના ઇંટના ભઠ્ઠે બેઠો હતો. આ મજૂરો પરિવાર સાથે એક ઝૂંપડુ બનાવીને રહેતા હતા.

## રસ્તા પર ઢળી પડેલા આધેડને સમયસૂચકતા દાખવી CPR આપી જીવ બચાવ્યો

સુરત-સુરત શહેરમાંથી આજે ટ્રાફિક પોલીસની સરાહનીય અને માનવતાપૂર્ણ કામગીરીનો કિસ્સો સામે આવ્યો છે. ગોડાદરા વિસ્તારમાં રસ્તા પર એક આધેડ વ્યક્તિ અચાનક રસ્તા પર બેભાન થઈને ઢળી પડ્યો હતો. આ સમયે ત્યાં તૈનાત ટ્રાફિક પોલીસના જમાદારે સેકંડોની ગણતરીમાં નિર્ણય લઈને સમયસૂચકતા દાખવી હતી અને CPR આપીને એ વ્યક્તિનો કિંમતી જીવ બચાવી લીધો હતો.

મળતી માહિતી મુજબ, સુરત પોલીસની ટ્રાફિક શાખામાં ફરજ બજાવતા જમાદાર પરેશકુમાર કરશનભાઈ માળી ગોડાદરા વિસ્તારમાં પોઇન્ટ પર પોતાની નિયમિત ડ્યૂટીમાં હાજર હતા. એ દરમિયાન અચાનક એક આધેડ વ્યક્તિ ચાલતાં-ચાલતાં ચક્કર આવતાં અથવા શારીરિક તકલીફના કારણે રસ્તા પર જ બેભાન થઈને ઢળી પડ્યો હતો. રસ્તા પર અચાનક બનેલી આ ઘટનાથી આસપાસના લોકોમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.



ઘટનાની ગંભીરતા અને પરિસ્થિતિની નાજુકતા સમજીને જમાદાર પરેશકુમારે ક્ષણનો પણ વિલંબ કર્યા વગર ત્વરિત કંટ્રોલ રૂમ અને ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી. પરંતુ, એમ્બ્યુલન્સ સ્થળ પર પહોંચે ત્યાં સુધી રાહ જોવી જોખમી સાબિત થઈ શકે તેમ હતી. આથી જમાદારે પોતાની પોલીસ તાલીમ દરમિયાન શીખેલા કૌશલ્યનો ઉપયોગ કર્યો હતો.

તેમણે તાત્કાલિક બેભાન વ્યક્તિને CPR આપવાનું શરૂ કર્યું હતું અને જરૂરી પ્રાથમિક સારવાર આપી હતી. જમાદાર પરેશકુમારની સમયસરની પ્રાથમિક સારવારના કારણે બેભાન થયેલી વ્યક્તિની શ્વાસ પ્રક્રિયા ફરી શરૂ થઈ હતી અને તેઓ ધીમે-ધીમે ભાનમાં આવ્યા હતા. થોડી જ વારમાં ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પેરામેડિકલ સ્ટાફે સ્થળ પર જ દર્દીનું હેલ્થ ચેકઅપ કરી પ્રાથમિક તપાસ કરી હતી.

## ભારત દ્વારા શ્રીલંકાને અપાતી સહાય ૭.૫ મિલિયન ડોલર વટાવી ગઈ : દ્વિપક્ષીય સંબંધો વધુ ગાઢ બન્યા

કોલંબો : શ્રીલંકાના વિકાસ કાર્યો માટે ભારત તરફથી અપાતી સહાય ૭.૫ બિલિયન ડોલર વટાવી ગઇ છે. શ્રીલંકાના તમામ પચ્ચીશે પચ્ચીશ પ્રાંતોમાં આ સહાય પહોંચશે.



ભારતના શ્રીલંકા સ્થિત હાઈ કમિશનર સંતોષ ઝાએ શ્રીલંકાના મઝદૂર અને વિદેશ રોજગારી વિભાગના મંત્રી, અનિલ જયન્થા ફર્નાન્ડોની ઉપસ્થિતિમાં (શનિવારે) પત્રકાર પરિષદમાં આજે આ માહિતી આપી હતી. તેઓએ આગળ કહ્યુ હતુ કે આ પૈકી ૮૫૦ મિલિયન ડોલરની સહાય તો ગ્રાન્ટ તરીકે આપવામાં આવશે. જે શ્રીલંકાના ૨૫ પ્રાંતોમાં ભારતે હાથ ધરેલી વિવિધ પરિયોજનાઓ જેવી કે રેલવે, હાઉસિંગ, શિક્ષણ, આરોગ્ય, ઊર્જા ક્ષેત્ર અને જીવન ધોરણ ઉન્નતિ માટે અપાશે.

સંતોષ ઝાએ આ વિગતો તેઓના ૪ પ્લેટફોર્મ ઉપર પણ મૂકી હતી. આ પૂર્વે જુલાઈ ૨૧ના દિવસે સંતોષ જાએ કોલંબો પ્લાનનાં નવ નિયુક્ત સેક્રેટરી જનરલ ચૂલામણી ચર્ન સુવાન સાથે પણ મંત્રણા કરી હતી, અને તેપ્રાદેશિક જૂથને ભારતના પૂરેપૂરા ટેકાની ખાતરી આપી હતી. આ કોલંબો પ્લાનની ૭૫મી જયંતિ નિમિત્તે સંતોષ ઝાએ ભારત તરફથી આ વચન આપ્યું હતું. આ કોલંબો પ્લાનમાં ૨૬ દેશો સભ્ય પદ છે. તેમાં સાઉથ સાઉથ કોઓપરેશન માનવ સંસાધન વિકાસ પારસ્પરિક સહકારના મુદ્દાઓ આવરી લેવાયા છે. આ એક ઇન્ટર ગવર્નમેન્ટલ બોડી છે. જેમાં સરકારો વચ્ચે સમજૂતીઓ સાધવામાં આવે છે.




'દોસ્ત' - શબ્દ નો અર્થ ખુબ સરસ થાય છે, આપણા માં રહેલ 'દોષ' ને જે 'અસ્ત' કરી દે એ જ સાચો 'દોસ્ત'..!

મિત્રતા દિવસ ની હાર્દિક શુભેચ્છાઓ...!!

आज प्रजा पंख मे.....

## प्यारनामा



खुल्ले आम इज़्हार करते
तुमसे हम मोहब्बत करते,
यह जान तुम्हारे नाम करते
जमाने की नहीं परवाह करते !

आँखे हुई हमारी तुम्हारी चार
बेचेन हर पल हमारा दिल रहता,
सपनों में भी तुम आती
दिन में भी ख्वाब सजाती !

जुनून है इश्क़ का
आर पार का खेल हमारा,
इकरार कर लो प्यार का
वरना लिख देंगे मौत पे नाम तुम्हारा !

तुम्हारी ख़ुशी के लिये तमन्ना करेंगे
राह में तुम्हारे फूल बिछायेंगे,
नसीब में होगा तड़प लेंगे
कब्र में भी तुम्हारा इंतज़ार करेंगे !!

**–अश्विन, अटपटा**

## હાર્દિક પંડ્યાની CSKમાં એન્ટ્રીથી બદલાઈ જશે સમીકરણો: કેપ્ટન ગાયકવાડનો મોટો માથાનો દુ:ખાવો દૂર!




આગામી ઇન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૭ને લઈને ક્રિકેટ જગતમાં અત્યારથી જ પારો ગરમ થઈ ગયો છે. હાલમાં સૌથી મોટો સવાલ એ ચર્ચાનો વિષય બન્યો છે કે સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા આગામી સિઝનમાં કઈ ફ્રેન્ચાઈઝી તરફથી રમતો જોવા મળશે. સોશિયલ મીડિયા અને મીડિયા અહેવાલો અનુસાર, મુંબઈ ઇન્ડિયન્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે એક મેગા ટ્રેડ ડીલ થવાની અટકળો જોર પકડી રહી છે. જો આ ડીલ ફાઇનલ થશે, તો તે માત્ર IPL ઇતિહાસનો સૌથી મોટો ટ્રેડ જ નહીં હોય, પરંતુ તેનાથી ઈજાઓના કેપ્ટન ઋતુરાજ ગાયકવાડનો એક બહુ મોટો માથાનો દુખાવો પણ કાયમ માટે ખતમ થઈ જશે.

ખેલાડીઓની હરાજી હોય કે ટ્રેડ વિન્ડો, ચેન્નાઈ સુપર કિંગ્સ હંમેશા ઓછા બજેટમાં સર્વશ્રેષ્ઠ ટેલેન્ટ પસંદ કરવા માટે જાણીતી છે. પરંતુ અહેવાલો દાવો કરી રહ્યા છે કે આ વખતે હાર્દિક પંડ્યા જેવા મેચ-વિનર ઓલરાઉન્ડરને પોતાની ટીમમાં લાવવા માટે CSK મેનેજમેન્ટ પોતાની તમામ મર્યાદાઓ ઓળંગવા માટે પણ તૈયાર છે. ઉલ્લેખનીય છે કે, ચેન્નાઈએ અગાઉ પણ જોરદાર ટ્રેડ કરીને સંજૂ સેમસન જેવા દિગ્ગજ ખેલાડીને પોતાની ટીમમાં સામેલ કર્યો હતો.

વેસ્ટ ઇન્ડિઝના મહાન ઓલરાઉન્ડર ડ્વેન બ્રાવોની નિવૃત્તિ બાદ ચેન્નાઈ સુપર કિંગ્સ એક એવા ફાસ્ટ-બોલિંગ ઓલરાઉન્ડરની શોધમાં ભટકી રહી છે જે લોઅર-મિડિલ ઓર્ડરમાં મેચ ફિનિશ કરી શકે અને ૪ ઓવરનો ક્વોટા પણ પૂરો કરી શકે. હાર્દિક પંડ્યાના આવવાથી કેપ્ટનને બેટિંગ અને બોલિંગ બંને ડિપાર્ટમેન્ટમાં મોટો ફાયદો મળશે:

બોલિંગમાં ફ્રી-હેન્ડ: હાર્દિક પંડ્યાની હાજરીથી કેપ્ટન ઋતુરાજ ગાયકવાડને બોલિંગ રોટેશનમાં ફ્રી-હેન્ડ મળશે. હાર્દિક પાવરપ્લે તેમજ ડેથ ઓવર્સમાં પણ બોલિંગ કરવાની ક્ષમતા ધરાવે છે.

પ્લેઇંગ ઇલેવનનું સંતુલન: અત્યાર સુધી CSKને બેટિંગમાં ઊંડાણ લાવવા માટે મજબૂરીમાં ૮મા અને ૯ મા નંબર સુધી ઓલરાઉન્ડરોને રમાડવા પડતા હતા. હાર્દિક મિડિલ ઓર્ડરમાં સેટ થતાં જ કેપ્ટન કોઈપણ ડર વિના ટીમમાં એક વધારાના સ્પેશિયાલિસ્ટ બોલરને પ્લેઇંગ ઇલેવનમાં સ્થાન આપી શકશે.

આ મેગા ટ્રેડના બે સંભવિત સમીકરણો અને તેની અસરો:

સમીકરણ ૧: આયુષ મ્હાત્રે અને શિવમ દુબેના બદલામાં હાર્દિક પંડ્યા

જો આ અહેવાલો સાચા સાબિત થાય તો મુંબઈ ઇન્ડિયન્સ હાર્દિકના બદલામાં યુવા ઓપનર આયુષ મ્હાત્રે અને શિવમ દુબેને પોતાની ટીમમાં લેશે.

## તંત્રી લેખ........

## મોબાઇલના ઉપયોગમાં આખેઆખું માનસશાસ્ત્ર છુપાયેલું છે

નવો મોબાઇલ ફોન ખરીદવા ગયો ત્યારે સમજાયું કે મોબાઇલ ફોન માત્ર કોઇ સાધન નથી પણ હવે સાધ્ય બની ગયું છે.શરીરનું એક્સ્ટ્રા અંગ બની ગયું છે. લગ્ન સમયે કન્યા અને કન્યાના મા-બાપ જેટલા ઉત્સાહથી ઘરેણાં ખરીદે છે એ રીતે લોકો મોબાઇલ ફોન ખરીદી રહ્યા હતા. દરેક મોબાઇલના મોડેલ્સમાં કેટલા જી.બી.ની મેમરી ને કેટલા જી.બી.ના રેમ છે, એમાં કેટલા પિક્સલવાળો કેમેરા છે- એ બધા વિશે ઉગ્ર ચર્ચા દુકાનમાં જામી હતી. ખરીદનારાઓ, દુકાનવાળાને એ રીતે સવાલ કરી રહ્યા હતા જાણે મોબાઇલ ફોનને પરણાવાના ના હોય!

મને વિચાર આવ્યો કે આવનારા સમયમાં એક તબક્કો એવો પણ આવશે કે લગ્ન અગાઉ વર-કન્યા જેમ મુલાકાત કરે છે એમ થોડા જ વરસોમાં ભાવિ પતિ કે પત્નીની જેમ મોબાઇલ ફોનનો પણ ઇન્ટરવ્યુ લેવાશે. મોબાઇલની કુંડળી જોવામાં આવશે. મોબઇલ બનાવનાર કંપનીવાળાઓ મોબાઇલ બન્યાની તારીખ,સમય અને સ્થળ જણાવશે ને જેના પરથી ફોનની જન્મ રાશિ અને કુંડળી જાણી શકાશે. દા.ત. મોબાઇલના ભાવિ વિશે જયોતિષો કહેશે કે મેશ રાશિના મોબાઇલ ખરીદનારાઓ સિંહ રાશિના મોબાઇલ મોડેલને ખરીદશે તો બેટરી લાંબા સમય સુધી વધારે ચાલશે! અથવા તો કુંભ રાશિના મોબાઇલ ધારકો જો મીન રાશિવાળા મોબાઇલને ખરીદશે તો મોબાઇલ પાણીમાં પડવાની સંભાવના રહેશે!ઇન શોર્ટ, મોબાઇલ પણ નવી વહુ કે નવા જમાઇની જેમ કુટુંબનું સદસ્ય બની જશે!

આ તો વાત થઇ કલ્પના..પણ ખરેખર મોબાઇલ સાથે મેરેજ થયા છે. ત્રણ- ચાર વરસ અગાઉ અમેરિકાના લાસ વેગાસ શહેરના એક ચર્ચમાં એરોન ચેરવેનેક નામના માણસે મોબાઇલ ફોન સાથે લગ્ન કરેલાં!અમેરિકા,આપણાથી કેટલું આગળ છે એનો આ લેટેસ્ટ પુરાવો છે કે ત્યાં તમે સેલફોન સાથે પણ પરણી શકો છો.(અહીંયા તો આપણે ત્યાં તો પત્નીની સામે સેલફોન પર પારકી સ્ત્રીને હાય-હેલો પણ કરતા ૧૦૦ વાર વિચારવું પડે) પણ જીવતો જાગતો માણસ, નિર્જીવ મોબાઇલ ફોનને પરણે એ માટે ચર્ચના પાદરી પહેલા તો અચકાયા પણ પછી પાદરીને સમજાયું એરોનભાઇ જગતને એવો વ્યંગ વડે મેસેજ આપવા માગે છે કે આજે લોકો મોબાઇલ સાથે કેટલી હદે જોડાયેલા છે, કેટલા ડિપેન્ડન્ટ છે, એટલે એમણે હા પાડી. એરોનભાઈએ સેલ ફોનને અંગૂઠી પહેરાવીને જીવનમરણ સાથે રહેવાના શપથ લીધા! પોતે રપતિ અને મોબાઇલ ફોન પત્ની એવો સેલ-ફોનિયો સ્નેહસંબંધ સ્થાપ્યો! જો કે આ વાત પણ સાચી છે કે આજે લોકો ફોન લઇને રાત્રે સૂવે છે તો સેલફોન પણ અર્ધાંગિની કે પતિપરમેશ્વર જ કહેવાયને? જોકે અમેરિકામાં પણ આવા લગ્નને કાનૂની માન્યતા નથી અપાઇ પણ એ દિવસ દૂર નથી કે માણસ,મોબાઇલ ફોન સાથે કાયદેસર પરણશે પછી મોબાઇલ બગડતાં એને ડિવોર્સ પણ આપશે!

મોબાઇલના ઉપયોગમાં આખેઆખું માનસશાસ્ત્ર છુપાયેલું છે.ફોન ઉપાડીને કેવી રીતે ભોળપણથી જુઠ્ઠું બોલી શકાય એ એક સાધના છે. તમે ભલે પલંગ પર પડ્યા પડ્યા બેડરૂમની છત પરના પોપડાને ગણવા જેવી વાહિયાત પ્રવૃત્તિ કરતા હોવ પણ કોઇનો ફોન આવે ત્યારે ખૂબ બિઝી હોવાની એકટિંગ કરવામાં એક યોગવિદ્યા છે. કોઇ મોટી મીટિંગમાં એન્ટર થતાં થતાં,કાલ્પનિક માણસ સાથે લાખો કરોડોનાં સોદા કરતા હોવ એવી અદામાં ફેંકૂંગીરીની કસોટી છે. મોબાઇલમાંથી ગંભીર ફિલોસોફિકલ મેસેજો મોકલાવીને આપણે વિચારક કે જ્ઞાની છીએ એવી ઇમ્પ્રેશન પાડવામાં સિદ્ધિ છે. વારે વારે લેવાતા સેલ્ફી એ જાત સાથેનો રોમાંસ છે! મોબાઇલને લીધે ઘણાં ખતરા પણ છે.નોર્મલી,સવારે અડઘીપડઘી ઊંઘમાંથી ઊઠયાં હોઇએ ત્યારે સાક્ષાત ટાગોર કે ગાલિબ પણ જો કવિતા સંભળાવવા આવે તોયે આપણો એ સાંભળવાનો મૂડ ના જ હોય,પરંતુ અમુક કવિઓ વહેલી સવારે પોતાની કવિતાઓ મોકલી મોકલીને આતંકવાદી જેવાં હુમલા કરી શકે છે.કવિઓ માટે મોબાઇલ એ મોબાઇલ નથી પણ મિસાઇલ છે. અમુક દોઢડાહ્યાઓ દર શુક્રવારે નવી ફિલ્મનાં રિવ્યુ મોકલીને પોતાની અંદરના ઝેરમાં બોળેલાં શબ્દો વડે આપણા પર છુટ્ટાં મારે છે! એમનાં માટે ફોન, ડહાપણનાં વાઇરસનું વાહન છે. ઘણા લોકો માત્ર એક જ વાર મળેલી છોકરી કે છોકરાને જાનુ જેવા માદક મેસેજ મોકલીને લાઇન મારવામાં મોબાઇલનાં સ્ક્રીનને સાવ ઘસી નાખે છે...

## યુવકને મળ્યું નવજીવન-CPR અને ઈલેક્ટ્રિક શોક આપી મરણતોલ સ્થિતિમાંથી ઉગાર્યો

સુરત-સુરત શહેરની પાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પિટલના ડોક્ટરોએ તબીબી ક્ષેત્રે એક અદ્ભુત અને અકલ્પનીય ચમત્કાર કરી બતાવ્યો છે. સામાન્ય રીતે માનવ હૃદય જો કેટલીક સેકન્ડો માટે પણ બંધ પડી જાય તો વ્યક્તિનું મૃત્યુ નિશ્ચિત માનવામાં આવે છે પરંતુ, અહીંના તબીબોની સુઝબુઝ અને તાત્કાલિક સારવારને કારણે ૧૫થી ૨૦ મિનિટ સુધી સંપૂર્ણપણે બંધ પડી ગયેલા હૃદયને ફરી ધબકતું કરવામાં સફળતા મળી છે. મરણતોલ સ્થિતિમાંથી બહાર આવેલા ૨૩ વર્ષીય યુવક ૨૦ દિવસની સઘન સારવાર બાદ સંપૂર્ણ સ્વસ્થ થઈને હસતા મોઢે ઘરે પરત ફર્યો છે.

મળતી માહિતી મુજબ સુરતના રૂસ્તમપુરા વિસ્તારમાં રહેતા ૨૩ વર્ષીય ભરતભાઈ પટેલને પેશાબની નળીમાં પથરીની તકલીફ હતી. આ માટે તેમને ૧૫ જૂનના રોજ સ્મીમેર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તમામ જરૂરી રિપોર્ટ આવ્યા બાદ ૨૦ જૂનના રોજ સવારે ૯ વાગ્યે તેમને ઓપરેશન થિયેટરમાં લઈ જવામાં આવ્યા હતા. ઓપરેશન માટે દર્દીના કમરથી



નીચેના ભાગને નિશ્ચેતન (એનેસ્થેસિયા) કરવાનું ઇન્જેક્શન આપીને સર્જરી શરૂ કરવામાં આવી હતી. ઓપરેશન શરૂ થયાના થોડા જ સમયમાં, સવારે ૯.૫૦ વાગ્યે અચાનક જ સ્થિતિ વણસી હતી. ભરતભાઈના હૃદયના ધબકારા અનિયમિત બનવા લાગ્યા હતા. ઓપરેશન ટેબલ પર જ દર્દીના હૃદયે કામ કરવાનું બંધ કરી દેતાં તબીબોની ટીમ ક્ષણભર માટે દોડધામમાં મુકાઈ ગઈ હતી.

## રાશીફળ

**મેષ** -વાહન ધ્યાનથી ચલાવો. માતૃ પક્ષ તરફથી આર્થિક ક્ષેત્રમાં મદદ વગેરેનો યોગ. રોકાણ વગેરેથી બચવું. કર્મક્ષેત્રમાં સામાન્યક વિઘ્નેનો યોગ. શોધ, અનુસંધાનપૂર્ણ કાર્યોમાં ધન તેમજ સમય પસાર થવાનો યોગ.

**વૃષભ** -ઋતુ અનુસાર ખાનપાન કરવું, કુટુંબીજનોના આરોગ્યર પર વિશેષ ધ્યાગન આપવું. વ્યાયપારમાં ભાગીદારીથી લાભ. ભાગીદારીમાં પરિવર્તન વગેરેથી વિશેષ લાભ પ્રાપ્ત થશે. મિલકત સંબંધી કાર્યોમાં સક્રિયતા વધશે.

**મિથુન**-ઋતુ અનુસાર ખાનપાન કરવું, કુટુંબીજનોના આરોગ્યર પર વિશેષ ધ્યાગન આપવું. વ્યાભપારમાં ભાગીદારીથી લાભ. ભાગીદારીમાં પરિવર્તન વગેરેથી વિશેષ લાભ પ્રાપ્ત થશે. મિલકત સંબંધી કાર્યોમાં સક્રિયતા વધશે. વ્યા.પારિક ભાગીદારીઓમાં વિશેષ વૃદ્ધિનો યોગ.

**કર્ક** -ધર્મ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે. સામાજિક કાર્યોમાં પ્રવાસ વગેરેના કાર્યોમાં સાવચેતી રાખવી. રોગ, ઋણ, વિવાદ વગેરેથી બચવું. પદ પ્રતિષ્ઠા સંબંધી વિવાદિત કાર્યોનો ઉકેલ લાવવા માટે યાત્રાનો યોગ.

**સિંહ**-આવક-ખર્ચમાં સંતોલન રહેશે. કાર્યક્ષામતામાં વૃદ્ધિ થશે. માનસિક અસ્થિઆરતા દૂર કરો અને કાર્ય સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરો. સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠા વૃદ્ધિનો યોગ. આર્થિક સ્ત્રોતોમાં વૃદ્ધિના કાર્ય થશે.

**કન્યા**-નવા સંબંધ બનશે. સત્સૃંગ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવશે. વ્યાટપાર-વ્ય વસાય મધ્યરમ રહેશે. નાણાંકીય કાર્યોમાં સંશોધનનો યોગ. આર્થિક ક્ષેત્રે લંબિત પ્રકરણોમાં વિશેષ કાર્ય થશે.

**તુલા**-યાત્રા થઈ શકે છે. ગુસ્સાદ અને આવેશ પર સંયમ રાખવો. સગા-સંબંધીઓથી મુલાકાત થશે. દામ્પનત્ય સુખમાં કમી આવશે. નવા સંબંધ બની શકશે.

**વૃશ્ચિક** -સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ છે. નવા આર્થિક સ્ત્રોતો પર કાર્ય થશે. વ્યા.પારિક ભાગીદારીથી લાભ પ્રાપ્ત થશે. વ્યાજપારમાં નાણાંકીય મુશ્કેગલીઓનો યોગ.

**ધન**-સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ છે. નવા આર્થિક સ્ત્રોતો પર કાર્ય થશે. વ્યા.પારિક ભાગીદારીથી લાભ પ્રાપ્ત થશે. વ્યાજપારમાં નાણાંકીય મુશ્કેગલીઓનો યોગ.

**મકર** -સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ છે. નવા આર્થિક સ્ત્રોતો પર કાર્ય થશે. વ્યા.પારિક ભાગીદારીથી લાભ પ્રાપ્ત થશે. વ્યાજપારમાં નાણાંકીય મુશ્કે લીઓનો યોગ.

**કુંભ**-નવા સંબંધ બનશે. સત્સ્ંગ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવશે. વ્યામપાર-વ્યંવસાય મધ્યામ રહેશે. નાણાંકીય કાર્યોમાં સંશોધનનો યોગ. આર્થિક ક્ષેત્રે લંબિત પ્રકરણોમાં વિશેષ કાર્ય થશે.

**મીન**-મનોરંજનમાં સમય પસાર થશે. કોઈ પણ કાર્ય માટે સ્વ વિવેકથી, સમજી-વિચારીને નિર્ણય લેવો ઉત્તમ રહેશે. અધિકારી વર્ગનો સહયોગ મળશે. આવકનાં સ્ત્રોતોમાં ભાગ્યપવર્ધક વૃદ્ધિ થવાનો યોગ.

## રશ્મિકાને ઇજા થતાં ડોક્ટર્સની છ અઠવાડિયા આરામ કરવા સલાહ



મુંબઈમાં અભિનેત્રી રશ્મિકા મંદાનાને ફિલ્મના સેટ પર ડાન્સ સિક્વન્સ દરમિયાન સ્નાયુ ખેંચાતા ઈજા થઈ છે. ડોક્ટરોએ તેને ૬ અઠવાડિયા આરામ કરવાની સલાહ આપી છે. આ કારણે તેની આગામી ૪ ફિલ્મો અને 30 બ્રાન્ડ્સના શૂટિંગ શેડ્યૂલ ખોરવાઈ ગયા છે. જોકે, રશ્મિકાએ આ અંગે કોઈ સત્તાવાર નિવેદન આપ્યું નથી.

રશ્મિકા મંદાના તેની આગામી ફિલ્મના સેટ પર ડાન્સ સિક્વન્સ કરતાં ઇજા પામી હોવાથી તેને ડોક્ટર્સે છ અઠવાડિયા આરામ કરવાની સલાહ આપી હતી. જોકે, પોતાની આ ઇજા બાબતે રશ્મિકાએ પોતે કોઇ ફોડ પાડયો નથી. સૂત્રોનાજણાવ્યા અનુસાર ડોક્ટર્સે આરામ કરવાની સલાહ આપી હોઇ તેની આગામી ચાર ફિલ્મોના શેડયુઅલ ખોરવાઇ જવાની શક્યતાઓ છે.

રશ્મિકા હાલ રણબલિ અને મ્યાસા નામની ફિલ્મોમાં કામ કરી રહી છે. રશ્મિકાને તેની આગામી ફિલ્મના સેટ પર ડાન્સ સિકવન્સ દરમ્યાન તેનો સ્નાયુ ખેંચાઇ જવાને કારણે તેને ડોક્ટર પાસે લઇ જવામાં આવી હતી. ડોક્ટર્સના મતે તેની આ ઇજા એથ્લીટને થતી ઇજા સમાન હોઇ તેને છ અઠવાડિયા આરામ કરવો પડશે એ પછી તેને રિહેબમાં રાખવી પડશે.

રશ્મિકાનેઅચાનક આરામ કરવાની નોબત આવતાં તેના લગભગ 30 બ્રાન્ડ્સના કામકાજ પર પણ તેની અસર પડશે. તેની આગામી ફિલ્મોને પણ રીશેડયુઅલ કરવી પડશે. હાલ તો રશ્મિકા સાજા થવા પર જ તેનું ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

## ગુજરાતને અરુણાચલથી જોડતી એકમાત્ર ટ્રેન આખી રિઝર્વ્ડ થઇ, 'ઈનર લાઈન પરમિટ' લાગુ થતાં જનરલ ટિકિટ નહી મળે

અરુણાચલ પ્રદેશમાં કડક સુરક્ષા અને કાનૂની નિયમોના પાલન માટે લાગુ કરાયેલી 'ઈનર લાઈન પરમિટ' વ્યવસ્થાને કારણે મુસાફરો માટે નિયમો અનિવાર્ય બન્યા છે. જેના પગલે પશ્ચિમ રેલવે દ્વારા ગુજરાતની એકમાત્ર હાપા-નાહરલાગુન-હાપા સ્પેશિયલ ટ્રેનના કોચ સંયોજનમાં એક મહત્વપૂર્ણ ફેરફાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નવી વ્યવસ્થા ૫ ઓગસ્ટથી ૭ નવેમ્બર, ૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

સિનિયર ડીસીએમ સુનિલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, હાપા-નાહરલાગુન-હાપા ટ્રેનમાં જોડવામાં આવતા ૪ જનરલ કોચ અને લગેજવાન સાથેના બિનઅનામત કોચને તાત્કાલિક હટાવી દેવામાં આવશે. તેના બદલે હવે સંપૂર્ણપણે અનામત સેકન્ડ ક્લાસ કોચ જોડવામાં આવશે. જો કે, રાહતની વાત એ છે કે ટ્રેનની કુલ ૨૧ એલએચબી કોચની સંખ્યા યથાવત રહેશે.




આ સમગ્ર ૪ મહિનાના સમયગાળા દરમિયાન આ ટ્રેન સંપૂર્ણપણે 'રિઝર્વ્ડ ટ્રેન' તરીકે દોડશે અને કોઈ પણ જનરલ ટિકિટો ઈશ્યુ કરવામાં આવશે નહીં.

'ઈનર લાઈન પરમિટ' એ ભારત સરકાર દ્વારા અમલી પાસપોર્ટ જેવો સત્તાવાર મુસાફરી દસ્તાવેજ છે, જે હોય તો જ પૂર્વોત્તરના ચુનંદા વિસ્તારોમાં જવાની થોડા સમય માટેની મંજૂરી-પરમીટ મળે છે. બ્રિટિશ કાળથી શરૂ થયેલી આ પ્રથાનો મૂળ હેતુ રાષ્ટ્રીય સંસાધનોનું રક્ષણ અને સુરક્ષા વ્યવસ્થા જાળવવાનો છે. હાલમાં અરુણાચલ પ્રદેશ ઉપરાંત નાગાલેન્ડ, મિઝોરમ અને મણિપુર જેવા ઉત્તર-પૂર્વના રાજ્યોમાં આ કડકપણે અમલમાં છે.

હાપા-નાહરલાગુન-હાપા સ્પેશિયલ ટ્રેન એ ગુજરાતથી સીધી પૂર્વોત્તર ભારતને જોડતી લાંબા અંતરની અનોખી ટ્રેન છે. આ ટ્રેન ગુજરાતથી શરૂ થઈને મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાળ અને આસામ થઈને અરુણાચલ પ્રદેશમાં પ્રવેશ કરે છે. ૩૧૮૮ કિલોમીટરનું લાંબુ અંતર કાપતી આ ટ્રેન ગુજરાત સહિત ૭ રાજયોના કુલ ૮૪ રેલવે સ્ટેશનો પર રોકાય કરે છે. મુસાફરોની સુવિધા અને સરળતાને ધ્યાનમાં રાખીને તા. ૫ ઓગસ્ટથી ૧૬ સપ્ટેમ્બર સુધીની મુસાફરી માટેનું એડવાન્સ બુકિંગ આજથી એટલે કે ૨ ઓગસ્ટથી ચાલુ કરી દેવામાં આવ્યું છે.

**'ઈનર લાઈન પરમિટ' એ ભારત સરકાર દ્વારા અમલી પાસપોર્ટ જેવો સત્તાવાર મુસાફરી દસ્તાવેજ છે, જે હોય તો જ પૂર્વોત્તરના ચુનંદા વિસ્તારોમાં જવાની થોડા સમય માટેની મંજૂરી-પરમીટ મળે છે.**

# 'વતનનું ઋણ ચૂકવવા' શિક્ષક દંપતીઓ અને સેવાભાવીઓ પૂરગ્રસ્તોની વ્હારે

## તીઘરા અને કિકરલા ગામમાં આવેલા વિનાશક પૂરના કારણે અનેક પરિવારો મુશ્કેલીમાં મુકાયા હતાં

## ગામના અંદાજે ૨૦૦ જેટલા પૂરગ્રસ્ત પરિવારોને ચાદરોનું વિતરણ





### લાભાર્થી પરિવારો દ્વારા દાતાશ્રીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો

**પ્રજા પંખ, તીઘરા (પારડી).** તા. ૨ ઓગસ્ટ, ૨૦૨૬: વલસાડ જિલ્લાના પારડી તાલુકાના તીઘરા અને કિકરલા ગામમાં આવેલા વિનાશક પૂરના કારણે અનેક પરિવારો મુશ્કેલીમાં મુકાયા હતા. આવા સંજોગોમાં નવસારી મહાનગર પાલિકામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા તારાબેન પટેલ અને શંકરભાઇ પટેલ, તેમજ સચીન પારડીના નિવૃત્ત શિક્ષક અને (આરસીસી સચીન સદસ્ય) આવા સેવાભાવી રમણભાઇ પટેલ અને ગીતાબેન પટેલ પોતાના વતનની વ્હારે દોડી આવ્યા હતા.વતનનું ઋણ ચૂકવવા'ના સંકલ્પ સાથે તેમણે ગામના અંદાજે ૨૦૦ જેટલા પૂરગ્રસ્ત પરિવારોને ચાદરોનું વિતરણ કર્યું. ઉપરાંત પૂરથી અસરગ્રસ્ત બાળકોના શિક્ષણમાં વિક્ષેપ ન પડે તે માટે નોટબુકોનું વિતરણ પણ કરવામાં આવ્યું.આ પ્રસંગે દાતાશ્રીઓએ જણાવ્યું હતું કે, 'આપત્તિના સમયમાં વતનની સેવા કરવી એ જ સાચી દેશસેવા અને માનવસેવા છે. જરૂરિયાતમંદોના ચહેરા પર સ્મિત લાવવાનો આ એક નમ્ર પ્રયાસ છે. ગામના આગેવાનો અને સ્થાનિક યુવાનોના સહયોગથી આ રાહત સામગ્રીનું સુચારુ વિતરણ કરવામાં આવ્યું. લાભાર્થી પરિવારો દ્વારા દાતાશ્રીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ સેવાકાર્ય સમાજમાં સંવેદના, સહકાર અને માનવતાના મૂલ્યોને વધુ મજબૂત બનાવનારું અને અન્ય લોકો માટે પ્રેરણાદાયી બની રહ્યું છે.

# ભારે વરસાદ વચ્ચે SMC સાઉથ ઝોન-બી (કનકપુર) નું માનવતાભર્યું રેસ્ક્યુ ઓપરેશન...

## સચિન GIDC સામેની ઝૂંપડપટ્ટી. ઉન સહિત નીચાણવાળા વિસ્તારોમાંથી અનેક પરિવારોને સલામત સ્થળે ખસેડાયા

## રિલીફ સેન્ટરમાં રહેવા. ભોજન અને પીવાના પાણીની વ્યવસ્થા સચિન પોલીસ, ફાયર બ્રિગેડ અને જખઈની ટીમો સતત ખડે પગે...





**પ્રજા પંખ,સચિનઃ** દક્ષિણ ગુજરાતમાં સતત વરસી રહેલા અતિભારે વરસાદને પગલે સુરત શહેરના અનેક વિસ્તારોમાં જનજીવન પ્રભાવિત બન્યુંછે. રેલવે સ્ટેશનો, કનકપૂર અંડરપાસ, મુખ્ય માર્ગો તેમજ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાતા સુરત મહાનગરપાલિકા દ્વારા યુદ્ધના ધોરણે રાહત અને બચાવ કામગીરી હાથ ધરવામાં આવી છે.

સાઉથ ઝોન-બી (કનકપુર) વિસ્તારમાં નેશનલ હાઈવે નજીક સચિન ઈંઉ સામે આવેલી ઝૂંપડપટ્ટીમાં અચાનક વરસાદી પાણી ઘૂસી જતાં દૈનિક મજૂરી કરીને જીવન નિર્વાહ કરતા અનેક શ્રમિક પરિવારો મુશ્કેલીમાં મુકાયા હતા. ઘટનાની જાણ થતાં જ જખઈના વિવિધ વિભાગોની સંયુક્ત ટીમો તાત્કાલિક સ્થળ પર પહોંચી રેસ્ક્યુ ઓપરેશન શરૂ કર્યું. વૃદ્ધો, મહિલાઓ, બાળકો સહિત તમામ અસરગ્રસ્તોને સુરક્ષિત રીતે સ્થળાંતર કરીને નજીકના પાલિકાના રિલીફ સેન્ટરોમાં પહોંચાડવામાં આવ્યા. સચિન ઉપરાંત ઉન અને અન્ય નીચાણવાળા વિસ્તારોમાં પણ પાણી ભરાવાની સ્થિતિ વચ્ચે બચાવ કામગીરી સતત ચાલુ રાખવામાં આવી છે. જ્યાં પાણી ઘૂંટણ સુધી કે તેનાથી વધુ ભરાઈ ગયું હતું ત્યાં ફાયર વિભાગ, જખઈના કર્મચારીઓ તથા અન્ય બચાવ ટીમોએ સંકલિત કામગીરી કરીને અનેક પરિવારોને સુરક્ષિત સ્થળે ખસેડયા હતા. રાહત કેન્દ્રોમાં અસરગ્રસ્ત નાગરિકો માટે રહેવાની, પીવાના શુદ્ધ પાણીની, ભોજનની તથા અન્ય જરૂરી સુવિધાઓની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી છે, જેથી વરસાદી આપત્તિ વચ્ચે લોકોને કોઈ મુશ્કેલીનો સામનો ન કરવો પડે.

ભારે વરસાદને ધ્યાનમાં રાખીને સુરત મહાનગરપાલિકા કમિશનર દ્વારા નાગરિકોને ખાસ અપીલ કરવામાં આવી છે કે ખૂબ જરૂરી કામ હોય ત્યારે જ ઘરની બહાર નીકળવું, નીચાણ વાળા વિસ્તારો, પાણી ભરાયેલા રસ્તાઓ અને અંડરપાસથી દૂર રહેવું તથા તંત્રની સૂચનાઓનું પાલન કરવું. સચિન પોલીસ દ્વારા પણ સમગ્ર વિસ્તારમાં સતત પેટ્રોલિંગ, ટ્રાફિક નિયંત્રણ, બંદોબસ્ત તથા રાહત કામગીરીમાં સક્રિય સહયોગ આપવામાં આવી રહ્યો છે. પોલીસ, ફાયર વિભાગ અને પાલિકાના કર્મચારીઓ સંયુક્ત રીતે નાગરિકોની સુરક્ષા માટે દિવસ-રાત કાર્યરત છે.સમગ્ર બચાવ અને રાહત કામગીરી ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર શ્રીમતી ગાયત્રી જરીવાલાના માર્ગદર્શન હેઠળ કાર્યપાલક ઇજનેરશ્રી પરેશ પટેલ. નાયબ આરોગ્ય અધિકારી ડો. એ.પી. ભટ્ટ અને આસિસ્ટન્ટ કમિશનર શ્રી પ્રવીણ પ્રસાદ ના દિશાનિર્દેશ મુજબ અસરકારક રીતે હાથ ધરવામાં આવી રહી છે.સુરત મહાનગરપાલિકાના બી ઝોનમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ, ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસ, આરોગ્ય વિભાગ. એસ્ટેટ વિભાગ, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ, ઇજનેરિંગ વિભાગ તથા અન્ય તમામ ટીમો સતત એલર્ટ મોડ પર રહી વરસાદી પરિસ્થિતિ પર નજર રાખી રહી છે. જરૂરિયાત મુજબ વધુ રેસ્ક્યુ ટીમો અને સાધનો પણ તૈનાત કરવામાં આવ્યા છે.

નાગરિકોને કોઈપણ ઇમરજન્સી પરિસ્થિતિમાં સુરત મહાનગરપાલિકાના ડિઝાસ્ટર કંટ્રોલ રૂમનો તાત્કાલિક સંપર્ક કરવા તેમજ અફવાઓથી દૂર રહી માત્ર સત્તાવાર માહિતી પર વિશ્વાસ રાખવાની અપીલ કરવામાં આવી છે. 'સેવા, સંકલન અને સંવેદના' ના અભિગમ સાથે સાઉથ ઝોન બી, કનકપુર, સુરત મહાનગરપાલિકા, ફાયર વિભાગ, સચિન પોલીસ અને સમગ્ર વહીવટી તંત્ર વરસાદી આપત્તિ વચ્ચે દરેક નાગરિકની સુરક્ષા માટે સતત ખડેપગે કાર્યરત છે.

# સચીન નોટીફાઇડ એરીયામાં જ વ્યવસાય વેરો વસૂલવાની માંગ ઉગ્ર

## સચીન ઇન્ડસ્ટ્રીયલ કો-ઓપ. સોસાયટીએ ચીફ ઓફિસરને કરી રજૂઆત

### દર મહિને કર્મચારીઓના પગારમાંથી કપાત થતો પ્રોફેશનલ ટેક્સ અને ઉદ્યોગકારોનો વાર્ષિક વ્યવસાય વેરો સચીન નોટીફાઇડ એરીયામાં જ જમા થાય તે માટે જાહેરનામું બહાર પાડવાની માંગ

### સ્થાનિક વિકાસ માટે આવકનો ઉપયોગ કરવાની રજૂઆત



**પ્રજા પંખ, સુરત, તા. ૩ ઓગસ્ટ :** સચીન ઇન્ડસ્ટ્રીયલ કો-ઓપરેટિવ સોસાયટી લિમિટેડ દ્વારા સચીન નોટીફાઇડ એરીયા ઓથોરિટીના ચીફ ઓફિસરને રજૂઆત કરી સચીન જીઆઈડીસીમાં કાર્યરત ઉદ્યોગોમાં કામ કરતા કર્મચારીઓના પગારમાંથી દર મહિને કપાત થતા વ્યવસાય વેરા (પ્રોફેશનલ ટેક્સ) તેમજ ઉદ્યોગકારો દ્વારા વાર્ષિક ધોરણે ભરવામાં આવતા વ્યવસાય વેરાની વસૂલાત હવે પછી સચીન નોટીફાઇડ એરીયા ઓથોરિટીમાં જ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

રજૂઆતમાં જણાવાયું છે કે વર્ષ ૧૯૯૮થી સચીન જીઆઈડીસીને નોટીફાઇડ એરીયા તરીકે જાહેર કરવામાં આવ્યું છે. હાલમાં અહીં આશરે ૫,૦૦૦ જેટલા નાના-મોટા ઔદ્યોગિક એકમો કાર્યરત છે, જેમાં ડાઇંગ મિલો, કેમિકલ યુનિટો, એન્જિનિયરિંગ ઉદ્યોગો સહિત અનેક કોર્પોરેટ સ્તરની કંપનીઓનો સમાવેશ થાય છે. આ તમામ ઉદ્યોગોમાં અંદાજે પાંચ લાખ જેટલા કામદારો અને કર્મચારીઓને રોજગારી મળી રહી છે.

સોસાયટીના જણાવ્યા મુજબ હાલમાં કર્મચારીઓના પગારમાંથી કપાત થતો વ્યવસાય વેરો તેમજ ઉદ્યોગકારોનો વાર્ષિક વ્યવસાય વેરો ગુજરાત સરકારના વાણિજ્ય વિભાગમાં જમા કરાવવામાં આવે છે, જ્યારે ગુજરાત વ્યવસાય વેરા અધિનિયમ-૧૯૭૬ મુજબ સંબંધિત સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની હદમાં જ આ વેરાની વસૂલાત થવી જોઈએ. સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલા ઉદ્યોગોનો વ્યવસાય વેરો મહાનગરપાલિકાની હદમાં જ ભરાય છે, તો તે જ રીતે સચીન નોટીફાઇડ એરીયાના ઉદ્યોગોનો વ્યવસાય વેરો પણ સચીન નોટીફાઇડ એરીયામાં જ જમા થવો જોઈએ.

રજૂઆતમાં વધુમાં જણાવાયું છે કે ગુજરાત વ્યવસાય વેરા અધિનિયમ-૧૯૭૬ની કલમ-૨ તેમજ ગુજરાત મ્યુનિસિપાલિટી એક્ટ-૧૯૬૩ની જોગવાઈઓ અનુસાર સરકાર દ્વારા કર વસૂલવાની સત્તા આપવામાં આવેલી સ્થાનિક સંસ્થાઓને આ અધિકાર પ્રાપ્ત થાય છે. ઉપરાંત, ઇન્કમ ટેક્સ એપેલેટ ટ્રિબ્યુનલ, અમદાવાદના કેસ નં. ૧૩૧૫ના તા. ૧૬ જુલાઈ, ૨૦૧૦ના ચુકાદામાં પણ સચીન નોટીફાઇડ એરીયાને નગરપાલિકા સમકક્ષ ગણવામાં આવ્યું હોવાનું રજૂઆતમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

સોસાયટીએ દલીલ કરી છે કે સચીન જીઆઈડીસીના ઉદ્યોગકારો દ્વારા વર્ષોથી સરકારના વાણિજ્ય વિભાગમાં વ્યવસાય વેરો ભરવામાં આવે છે, જે કાયદાની જોગવાઈઓને અનુરૂપ નથી. આથી હવે પછી તમામ ઉદ્યોગકારોને કામદારો તથા પોતાના વ્યવસાય વેરાની રકમ સચીન નોટીફાઇડ એરીયા ઓથોરિટીમાં જમા કરાવવા માટે તાત્કાલિક જાહેરનામું બહાર પાડવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

રજૂઆતમાં વડોદરાના નંદેસરી જીઆઈડીસી નોટીફાઇડ એરીયાનું ઉદાહરણ પણ ટાંકવામાં આવ્યું છે. ત્યાં નોટીફાઇડ એરીયા ઓથોરિટી દ્વારા ગુજરાત વ્યવસાય વેરા અધિનિયમ-૧૯૭૬ મુજબ કામદારોનો વ્યવસાય વેરો સ્થાનિક સ્તરે વસૂલવાનું શરૂ કરવામાં આવ્યું હોવાનું જણાવતાં સચીનમાં પણ આ જ વ્યવસ્થા અમલમાં મૂકવાની માંગ કરવામાં આવી છે.

સચીન ઇન્ડસ્ટ્રીયલ કો-ઓપરેટિવ સોસાયટીના પ્રમુખ કિશોર બી. પટેલ, સેક્રેટરી મયુર જે. ગોળવાલા, ઉપપ્રમુખ નિલેશ એમ. ગામી તથા કો-ઓપ્ટ સભ્ય મિતુલ એસ. મહેતાએ આ રજૂઆત કરી સચીન નોટીફાઇડ એરીયાને કાયદાકીય હક મુજબ વ્યવસાય વેરાની આવક મળવાથી સ્થાનિક વિકાસકાર્યોને વધુ વેગ મળશે તેવી આશા વ્યક્ત કરી છે.

**ગુજરાત વ્યવસાય વેરા અધિનિયમ-૧૯૭૬ની કલમ-૨ તેમજ ગુજરાત મ્યુનિસિપાલિટી એક્ટ-૧૯૬૩ની જોગવાઈઓ અનુસાર સરકાર દ્વારા કર વસૂલવાની સત્તા આપવામાં આવેલી સ્થાનિક સંસ્થાઓને આ અધિકાર પ્રાપ્ત થાય છે.**

# સુરતમાં જાયન્ટસ વેલફેર ફાઉન્ડેશનના ફેડરેશન ૩-એનો એવોર્ડ ફેલિસિટેશન-૨૦૨૬ કાર્યક્રમ ગૌરવપૂર્ણ માહોલમાં સફળતાપૂર્વક સંપન્ન

## વિવિધ ક્ષેત્રના પ્રતિભાશાળી સભ્યોનું કર્યું ભવ્ય સન્માન








**પ્રજા પંખ સુરતઃ** જાયન્ટસ વેલફેર ફાઉન્ડેશનના ફેડરેશન ૩-એ દ્વારા આયોજિત 'એવોર્ડ ફેલિસિટેશન-૨૦૨૬' કાર્યક્રમ જાયન્ટ્સ ગ્રુપ ઓફ ગ્રેટર સુરતના યજમાનપદે તા. ૦૨ ઓગસ્ટના રવિવારે નાનપુરા સ્થિત રામકૃષ્ણ (ચોથા માળે) હોલ ખાતે ગૌરવપૂર્ણ અને ઉષ્માભર્યા વાતાવરણમાં સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર સેવા, નેતૃત્વ અને સિદ્ધિઓ હાંસલ કરનાર સભ્યોનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે જાયન્ટસ વેલફેર ફાઉન્ડેશનના ડેપ્યુટી વર્લ્ડ ચેરમેન શ્રી નુરૂદ્દીનભાઈ સેવવાળાની ઉપસ્થિતિ પ્રોત્સાહક રહી હતી. ફેડરેશન પ્રમુખ શ્રી યતિશ મોદીના અધ્યક્ષપદે સદર કાર્યક્રમમાં વિશેષ અતિથિ તરીકે સેન્ટ્રલ કમિટી મેમ્બરો શ્રી અનિલ દલાલ, શ્રી ઘનશ્યામ પટેલે પોતાની પ્રેરણાદાયી ઉપસ્થિતિથી કાર્યક્રમને ગૌરવ અપાવ્યું હતું. જાયન્ટ્સ મહાનુભાવ તરીકે શ્રીમતી શીલા ગાંધી અને શ્રી ગણેશ ગજ્જરની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. મહેમાનોએ પોતાના સંબોધનમાં એવોર્ડ વિજેતાઓને અભિનંદન પાઠવી સમાજસેવાના કાર્યોમાં વધુ ઉત્સાહ સાથે જોડાવા પ્રેરિત કર્યા હતા. શ્રી વિજય તમાકુવાલા દ્વારા કાર્યક્રમનું સુચારૂ સંચાલન અને આયોજન માટે ગ્રુપ પ્રમુખ શ્રી પ્રફુલ્લ મહેતા, કન્વીનર શ્રીમતી જયશ્રીબેન તલાટી તથા સમગ્ર આયોજન સમિતિના સંયુક્ત પ્રયાસોથી સફળ બન્યું હતું. સમાજ સેવા સંગઠન વિકાસ અને વિવિધ ક્ષેત્રે યોગદાન આપનાર સન્માનિત સમાજના શ્રેષ્ઠીઓ તબીબી ક્ષેત્રે ડો. મનુભાઈ શર્મા વતી દીપ્તિબેન, મીડિયા ક્ષેત્રે શ્રીમાન મનોજભાઈ મિસ્ત્રી, એડમીનીસ્ટ્રેશન ક્ષેત્રે શ્રીમાન નારાયણભાઈ માધુ, રમત ગમત ક્ષેત્રે કુ. સામસલ પટેલ, બિઝનેસ ક્ષેત્રે શ્રીમાન ધીરૂભાઈ શાહ, શિક્ષણ ક્ષેત્રે શ્રીમાન મહેશભાઈ પટેલ, સામાજિક ક્ષેત્રે શ્રીમાન વિનેશભાઈ પટેલ. કલા ક્ષેત્રે શ્રીમતિ શિવાની સોપારીવાલાનો પરિચય સ્પે. કમિટી સભ્યો સર્વ શ્રી અશોક બારોટ, કમલેશ પારેખ, વિજય પટેલ, બાલકિષ્ણા શેટ્ટી, ફેડ. પૂર્વ પ્રમુખો સર્વ શ્રી ડો. મુકેશ જગીવાલા, મહેશ ગાંધી, વિજય તમાકુવાલા અને યોગેશ પારેખ દ્વારા આપવામાં આવ્યો હતો. ઉપસ્થિત સભ્યોએ એવોર્ડ વિજેતાઓનું તાળીઓના ગડગડાટ વચ્ચે વધામણું કરી તેમને શુભેચ્છાઓ પાઠવી હતી. આ એવોર્ડ ફંક્શનમાં જા. વે. ફા. પદાધિકારીઓના સાનિધ્યમાં ફેડરેશન૩-એના ફાઉન્ડર પૂર્વ પ્રમુખ શ્રી ગુણવંત શાહ સહિત અન્ય પૂર્વ પ્રમુખો અને કાઉન્સિલ સભ્યો તથા વિવિધ ગ્રુપના સભ્યોએ નોંધનીય હાજરી નોંધાવી હતી. શ્રી ગણેશ ગજ્જરના આભાર દર્શન અને રાષ્ટ્રગાન પશ્ચાત સૌએ કાર્યક્રમના સફળ આયોજન બદલ આયોજક ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

કાર્યક્રમ બાદ સૌએ પ્રીતિભોજનનો આનંદ માણ્યો અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં કાર્યક્રમનું સમાપન હતું.

# રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, સુરત મહાનગર, રાંદેર સેન્ટ્રલ ઝોન દ્વારા ગુરુપૂર્ણિમા નિમિત્તે 'ગુરુવંદના' કાર્યક્રમ યોજાયો






**પ્રજા પંખ સૂરતઃ** તા. ૨૯/૦૭/૨૦૨૬, બુધવારના રોજ રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, સુરત મહાનગર દ્વારા ગુરુપૂર્ણિમાના પાવન અવસરે રાંદેર - સેન્ટ્રલ ઝોનના ઉપક્રમે શાળા ક્રમાંક ૩૩૮ ખાતે 'ગુરુવંદના' કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

રાંદેર સેન્ટ્રલ ઝોનના અધ્યક્ષ શ્રી અમિતકુમાર ટેલર દ્વારા સૌનું સ્વાગત કરવામાં આવ્યું. કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ડો. સંજયભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ગુરુના મહિમા, શિક્ષકના કર્તવ્ય, મૂલ્ય આધારિત શિક્ષણ તથા આજના સમયમાં શિક્ષકોની જવાબદારીઓ વિષે પ્રેરણાદાયી અને અસરકારક વક્તવ્ય આપ્યું. ઉપસ્થિત શિક્ષકોએ તેમના વિચારોને ખૂબ જ રસપૂર્વક સાંભળ્યા અને કાર્યક્રમને જ્ઞાનવર્ધક તથા પ્રેરણાદાયી ગણાવ્યો.

કાર્યક્રમના અંતે રાંદેર સેન્ટ્રલ ઝોનના HTAT સંવર્ગ અધ્યક્ષશ્રી તરલભાઈ પટેલ દ્વારા સમગ્ર કાર્યક્રમના સફળ આયોજન બદલ ડો. સંજયભાઈ પટેલનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. ઉપસ્થિત તમામ શિક્ષકોએ કાર્યક્રમની સફળતા બદલ આયોજકોને અભિનંદન પાઠવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમ ગુરુપૂર્ણિમાની ભાવનાને અનુરૂપ ભક્તિ, સન્માન અને પ્રેરણાના માહોલમાં સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

PRAJA PANKH
(GUJARATI WEEKLY-SURAT)
પ્રજાપંખ
ગુજરાતી સાપ્તાહિક- સુરત



## શ્રી મહારાષ્ટ્ર મિત્ર મંડળ, સચીનને મળ્યું યુવા નેતૃત્વ- રાકેશ પાટીલ સર્વાનુમતે પ્રમુખપદે વરાયા

# ૧૯૯૩ થી સમાજસેવામાં અગ્રેસર મંડળે નવી કાર્યકારિણીને સોપી જવાબદારી; મહિલા મંડળ પણ સક્રિય રીતે કાર્યરત

**પ્રજા પંખ, સચીન :** સચીનના સામાજિક, સાંસ્કૃતિક અને સેવાકીય ક્ષેત્રે છેલ્લા ત્રણ દાયકાથી અવિરત કાર્યરત શ્રી મહારાષ્ટ્ર મિત્ર મંડળ, સચીનની સામાન્ય સભા ઉત્સાહભેર યોજાઈ હતી. આ પ્રસંગે સર્વાનુમતે ૨૦૨૬-૩૧-૦૭-૨૦૨૯ સુધી ત્રણ વર્ષ ની નવી કાર્યકારિણીની રચના કરવામાં આવી હતી. સમાજમાં યુવા શક્તિને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ સાથે શ્રી રાકેશ પાટીલને મંડળના નવા પ્રમુખ તરીકે સેક્રેટરી તરીકે તુષાર ધાડગે, કોષાધ્યક્ષ રાહુલ વક્તે ને સર્વસંમતિથી જવાબદારી સોપવામાં આવી.



રાકેશ પાટીલ - નવનિયુક્ત પ્રમુખ



તુષાર ધાડગે - નવનિયુક્ત સેક્રેટરી



રાહુલ વક્તે - નવનિયુક્ત કોષાધ્યક્ષ



શ્રી ભટુ પાટીલ -નિવૃત્તમાન પ્રમુખ

સભાની શરૂઆતમાં નિવર્તમાન પ્રમુખ શ્રી ભટુ પાટીલએ પોતાના ત્રણ વર્ષના કાર્યકાળ દરમિયાન મંડળ દ્વારા આયોજિત વિવિધ સામાજિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક તથા સમાજોપયોગી પ્રવૃત્તિઓનો વિસ્તૃત અહેવાલ રજૂ કર્યો હતો. તેમણે મંડળના નાણાકીય હિસાબો પણ સંપૂર્ણ પારદર્શિતા સાથે સભા સમક્ષ રજૂ કર્યા હતા. ઉપસ્થિત સભ્યોએ તેમના પારદર્શક, નિષ્ઠાવાન અને સેવાભાવી નેતૃત્વની હૃદયપૂર્વક પ્રશંસા કરી હતી તેમજ તેમના નોંધપાત્ર યોગદાન બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરીને શુભેચ્છાઓ પાઠવી હતી.

ત્યારબાદ મંડળના સ્થાપક પ્રમુખ અને પૂર્વ પ્રમુખ પ્રકાશ ભાવસારએ પ્રમુખપદ માટે સમાજમાં લોકપ્રિય, માજી નગરસેવક, યુવા અને કાર્યકુશળ વ્યક્તિત્વ શ્રી રાકેશ પાટીલના નામનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. આ પ્રસ્તાવને પૂર્વ પ્રમુખ શ્રી લક્ષ્મણ પાટીલએ અનુમોદન આપતાં સભામાં ઉપસ્થિત તમામ સભ્યોએ તાળીઓના ગડગડાટ વચ્ચે સર્વાનુમતે તેમની પસંદગી જાહેર કરી હતી.

આ ઉપરાંત સચિવ તરીકે શ્રી તુષાર ધાડગેની પસંદગી કરવામાં આવી હતી. તેમના નામનો પ્રસ્તાવ પૂર્વ પ્રમુખ શ્રી રવિન્દ્ર પાટીલએ મૂક્યો હતો, જેને શ્રી ભટુ પાટીલએ અનુમોદન આપ્યું હતું. જ્યારે કોષાધ્યક્ષ તરીકે શ્રી રાહુલ વક્તે ની પણ સર્વાનુમતે પસંદગી કરવામાં આવી હતી.

નવનિયુક્ત પ્રમુખ શ્રી રાકેશ પાટીલએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતુ કે, 'મંડળે મારા પર મૂકેલા વિશ્વાસને હું સંપૂર્ણ નિષ્ઠા અને પ્રામાણિકતા સાથે સાર્થક કરવાનો પ્રયાસ કરીશ. સમગ્ર ટીમ સમાજહિતને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને નિઃસ્વાર્થ ભાવથી કાર્ય કરશે. દરેક સભ્યનો સહકાર અને સક્રિય ભાગીદારી જ મંડળની સાચી શક્તિ છે.'



**૧૯૯૬ થી આજ દિન સુધી ના પ્રમુખ શ્રીઓ**

| | |
|---|---|
| ૧) શ્રી પ્રકાશચંદ્ર ભાવસાર સ્થાપક પ્રમુખ અને પ્રમુખ | ૬) શ્રી દીપક ચૌધરી |
| ૨) શ્રી રવિન્દ્ર પાટીલ | ૭) શ્રી આનંદરાવ પાટીલ |
| ૩) શ્રી પ્રકાશચંદ્ર ભાવસાર | ૮) શ્રી લક્ષ્મણ પાટીલ |
| ૪) શ્રી ચંદ્રકાંત દેવરે | ૯) શ્રી ભટુ પાટીલ |
| ૫) શ્રી સંજય માને | ૧૦) રાકેશ પાટીલ વર્તમાન પ્રમુખ શ્રી |

તા. ૧ ઓગસ્ટ, ૨૦૨૬થી શ્રી રાકેશ પાટીલે પ્રમુખ તરીકે પોતાના હોદ્દેદારો સાથે સત્તાવાર રીતે હોદ્દાની જવાબદારીઓ સંભાળી છે. તેમના નેતૃત્વ હેઠળ શ્રી મહારાષ્ટ્ર મિત્ર મંડળ સમાજસેવા, આરોગ્ય, શિક્ષણ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને સેવાકીય કાર્યોમાં નવી સિદ્ધિઓ હાંસલ કરશે તેવો વિશ્વાસ સભ્યોએ વ્યક્ત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે શ્રી મહારાષ્ટ્ર મિત્ર મંડળની સ્થાપના વર્ષ ૧૯૯૩માં કરવામાં આવી હતી અને વર્ષ ૧૯૯૬માં હાલના કેન્દ્રીય જળ શક્તિ મંત્રી માનનીય શ્રી સી.આર.પાટીલ સાહેબના માર્ગદર્શનમાં અને એમનીજ ઉપસ્થિતિ માં માનનીય છોટુભાઈ પાટીલજીના હસ્તે તેનું વિધિવત્ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ત્યારથી મંડળ સતત સમાજહિતના અનેક સેવાકીય અને સાંસ્કૃતિક કાર્યોમાં અગ્રેસર રહ્યું છે. મંડળ સાથે શ્રી મહારાષ્ટ્ર મહિલા મંડળ પણ સક્રિય રીતે કાર્યરત છે, જેમાં શ્રીમતી પૂનમબેન પ્રકાશ ભાવસાર પ્રમુખ તરીકે તથા સચિવ તરીકે રેખાબેન લક્ષ્મણ પાટીલ અને પ્રોજેક્ટ ડિરેક્ટર શ્રીમતી સુમનબેન સંજય માને સેવાઓ આપી રહ્યા છે. મહિલા મંડળ દ્વારા પણ સમાજજાગૃતિ, મહિલા સશક્તિકરણ અને વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ સફળતાપૂર્વક યોજવામાં આવી રહી છે. સભામાં મંડળના વરિષ્ઠ સભ્યો, હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. અંતે નવનિયુક્ત પ્રમુખે સૌનો આભાર વ્યક્ત કરી ભવિષ્યમાં પણ સૌના પ્રેમ, સહયોગ અને માર્ગદર્શન સાથે મંડળને વધુ સશક્ત બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો. વધુમાં કહ્યું 'એકતા અમારી શક્તિ... સમાજસેવા અમારી ઓળખ.' છે જણાવ્યું હતું.

## GYBG અને જાયન્ટ્સ દ્વારા વાંઝમાં મહિલાઓ માટે દૈનિક નિઃશુલ્ક યોગ શિબિરનો પ્રારંભ, પ્રથમ દિવસથી જ ઉત્સાહભેર પ્રતિસાદ

### ગુજરાત રાજ્ય યોગ બોર્ડના માર્ગદર્શન હેઠળ શરૂ થયેલી શિબિરમાં પ્રથમ દિવસે ૩૦થી વધુ મહિલાઓ જોડાઈ; 'હર ઘર યોગ'ના સંકલ્પને સાકાર બનાવવાનો પ્રયાસ





**પ્રજા પંખ, સચિનઃ** મહિલાઓના સ્વાસ્થ્ય, તંદુરસ્તી અને માનસિક સુખાકારીને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે સચિન નજીક આવેલા વાંઝ ખાતે દૈનિક નિઃશુલ્ક મહિલા યોગ શિબિરનો શુભ પ્રારંભ કરવામાં આવ્યો છે. જાયન્ટ ગ્રુપ ઓફ સચિન તથા વિમલ સ્ટુડિયાવાલા સુભાષભાઈ રાવલ અને જાયન્ટ્સ ટિમ ના વિશેષ પ્રયત્નોથી, ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ઝોન કો-ઓર્ડિનેટર (સુરત-ભરૂચ) ડૉ. પારૂલબેન પટેલના માર્ગદર્શન હેઠળ, કોચ સુરેશભાઈ ચૌહાણના દિશાસૂચન તેમજ મેન્ટર પ્રકાશભાઈ ભાવસારના પ્રેરણાદાયી સહયોગથી અને સરપંચ હીનાબેન પટેલ અને એમની મહિલા વિંગ ના સહકારથી આ યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

આ શિબિરનો પ્રારંભ તા. ૧ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ વાંઝ સ્થિત પ્રસિદ્ધ નિરાંત મંદિર હોલ ખાતે થયો હતો. સ્થાનિક મહિલાઓની લાંબા સમયથી ચાલતી માંગને ધ્યાનમાં રાખીને હાલમાં આ શિબિર માત્ર મહિલાઓ માટે શરૂ કરવામાં આવી છે. પ્રથમ દિવસથી જ ૩૦થી વધુ બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ યોગ પ્રત્યેનો પોતાનો રસ અને જાગૃતિ વ્યક્ત કરી હતી.

આ યોગ શિબિર માત્ર એક મહિના પૂરતી મર્યાદિત નથી, પરંતુ ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા દૈનિક અને નિઃશુલ્ક ધોરણે સતત ચલાવવામાં આવશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા આપવામાં આવેલા "હર ઘર યોગ' "ના સંદેશને તથા મહિલા સશક્તિકરણ ને સાકાર કરવા માટે દરેક મહિલાને નિયમિત યોગ સાથે જોડવાનો આ એક મહત્વપૂર્ણ પ્રયાસ છે.

શિબિરમાં મુખ્ય યોગ ટ્રેનર તરીકે ગુજરાત યોગ બોર્ડના હેમાનીબેન શાહ અને સહાયક ટ્રેનર તરીકે ધવલભાઈ શાહ નિષ્ઠા, સમર્પણ અને સેવાભાવથી તાલીમ આપી રહ્યા છે. સરળ અને વૈજ્ઞાનિક પદ્ધતિથી યોગાભ્યાસ કરાવવામાં આવતાં મહિલાઓમાં ખાસ્સો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ બીજા જ દિવસે ભાગ લેનારી બહેનોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. આ પ્રતિસાદને જોતા આયોજકોમાં પણ નવી ઊર્જા અને ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જાયન્ટ્સના સુભાષ રાવલના જણાવ્યા મુજબ સ્થાનિક મહિલાઓ અને વડીલોમાં સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ વધી રહી છે અને આવનારા સમયમાં વધુને વધુ મહિલાઓ આ શિબિરમાં જોડાશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે. જ્યારે સરપંચશ્રી હીનાબેન પટેલ, એમની મહિલા વિંગ અને

આયોજકોએ વાંઝ તથા આસપાસના વિસ્તારની તમામ બહેનોને આ દૈનિક નિઃશુલ્ક યોગ શિબિરમાં જોડાઈ પોતાના જીવનને સ્વસ્થ, તંદુરસ્ત અને નિરોગી બનાવવાની હાર્દિક અપીલ કરી છે. 'સ્વસ્થ મહિલા સ્વસ્થ પરિવાર સ્વસ્થ સમાજ'ના સંકલ્પ સાથે શરૂ થયેલી આ પહેલ સમગ્ર વિસ્તારમાં આરોગ્ય જાગૃતિનું પ્રેરણાદાયી કેન્દ્ર બનશે એવો વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો છે.

# સચિનના કાંવરિયાઓની અડગ આસ્થા : ૧૬૦ કિમીની યાત્રા બાદ નર્મદાજળથી સિદ્ધેશ્વર મહાદેવનો જળાભિષેક

### વીસ વર્ષથી અવિરત ચાલી આવતી પવિત્ર પરંપરા-ભરૂચ નર્મદાથી પવિત્ર જળ લાવી શ્રાવણ માસમાં ભક્તિભાવપૂર્વક મહાદેવને અર્પણ

### સમગ્ર યાત્રા દરમિયાન સમિતિ દ્વારા ભોજન, આરોગ્ય અને અન્ય તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાય છે

**પ્રજા પંખ સચિન :** સુરતનું સચિન આજે ગુજરાતના અગ્રણી ઔદ્યોગિક વિસ્તારોમાં સ્થાન ધરાવે છે. રોજગારની શોધમાં ઉત્તર પ્રદેશ, બિહાર સહિત દેશના વિવિધ રાજ્યોમાંથી હજારો પરિવારો અહીં વસવાટ કરે છે. પોતાની સંસ્કૃતિ, પરંપરા અને ધાર્મિક આસ્થાને જીવંત રાખતા આ પરિવારો શ્રાવણ માસ દરમિયાન વિશેષ ભક્તિભાવ સાથે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરે છે.





આ જ ભાવનાનું અનોખું પ્રતીક છે કાંવર યાત્રા, જેમાં સચિનના ભાવિકો દર વર્ષે ભરૂચ સ્થિત પવિત્ર નર્મદા નદી સુધી આશરે ૧૬૦ કિલોમીટરની યાત્રા કરીને નર્મદાજળ લઈને પરત આવે છે અને સચિન કનકપુર સ્થિત સિદ્ધેશ્વર મહાદેવ મંદિર ખાતે વૈદિક વિધિ મુજબ ભગવાન શિવનો જળાભિષેક કરે છે.

આ પવિત્ર યાત્રાનું છેલ્લા ૨૦ વર્ષથી જે.વી.કાંવરીયા ગ્રુપ સચીન કનકપુરનું સફળ સંચાલન રામકીશોર સિંહ (મુન્નાભાઈ) દ્વારા કરવામાં આવી રહ્યું છે. તેઓ જણાવે છે કે કાંવર યાત્રા માત્ર એક ધાર્મિક વિધિ નથી, પરંતુ શ્રદ્ધા, સંકલ્પ, સેવા અને આત્મિક શાંતિનો મહાપર્વ છે. શાસ્ત્રોમાં વર્ણવેલી પરંપરા અનુસાર નર્મદાજળથી ભગવાન ભોલેનાથનો જળાભિષેક કરવાથી વિશેષ પુણ્ય પ્રાપ્ત થાય છે અને જીવનમાં સુખ-સમૃદ્ધિ તથા મનની શાંતિ પ્રાપ્ત થાય છે.

યાત્રાળુઓ વહેલી સવારે સચિન કનકપુર સ્થિત જય શ્રીરામ હનુમાન મંદિરથી 'ૐ નમઃ શિવાય' અને 'બોલ બમ'ના ગગનભેદી જયઘોષ સાથે પગપાળા પ્રસ્થાન કરે છે. મધરાત્રિ સુધી ભરૂચ ખાતે પવિત્ર નર્મદા નદીના કિનારે પહોંચી માતા નર્મદાને નમન કરીને વિધિપૂર્વક કાંવડ માં જળ ભરે છે અને ત્યારબાદ સતત ભગવાન શિવના સ્મરણ સાથે વાહનોમાં પરત યાત્રા આરંભી બીજા દિવસે સવારે ભાટિયા ટોલપ્લાઝા થી કનકપુર સિદ્ધેશ્વર મહાદેવ મંદિર પગપાળા પહોંચી ભાવ વિભોર થઈ જળાભિષેક કરે છે. સમગ્ર યાત્રા દરમિયાન કાંવરિયા સમિતિ દ્વારા યાત્રાળુઓ માટે ભોજન, નાસ્તો, પીવાનું શુદ્ધ પાણી, આરોગ્ય સેવા, આરામની વ્યવસ્થા તેમજ અન્ય તમામ જરૂરી સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે, જેના કારણે લાંબી અને કઠિન યાત્રા પણ સુખદ અને સુરક્ષિત બને છે. આ સેવા કાર્યમાં રામકીશોર સિંહ (મુન્નાભાઈ), શ્યામભાઈ શર્મા, મોહન પાંડે, ગોપાલસિંહ, સંજુસિંહ, સચીન શાહ અને ગૌતમસિંહ સહિતના સેવાભાવી કાર્યકરો પોતપોતાની જવાબદારીઓ નિષ્ઠાપૂર્વક નિભાવી સમગ્ર યાત્રાને સફળ બનાવે છે. શ્રાવણ માસમાં યોજાતી આ કાંવર યાત્રા આજે સચિનના ઉત્તર ભારતીય સમાજ માટે માત્ર ધાર્મિક પરંપરા જ નહીં, પરંતુ એકતા, સેવા, સમર્પણ અને અખંડ શ્રદ્ધાનું જીવંત પ્રતીક બની ગઈ છે. પાંચ કાંવરિયાઓથી આજે ૩૫૦ કંવારિયા થયા છે આમ દર વર્ષે વધતા ભાવિકોની સંખ્યા એ દર્શાવે છે કે આધુનિક જીવનની વ્યસ્તતા વચ્ચે પણ આસ્થા, સંસ્કૃતિ અને સંસ્કારો પ્રત્યેનો પ્રેમ આજે પણ એટલો જ અડગ છે. 'ૐ નમઃ શિવાય'ના અખંડ જાપ સાથે નર્મદાજળ લઈને મહાદેવના ચરણોમાં સમર્પિત થતી આ પવિત્ર કાંવર યાત્રા સચિનના ધાર્મિક જીવનની ગૌરવશાળી પરંપરા બની રહી છે. એવું સમાજ અગ્રણી શ્યામભાઇ શર્માએ પ્રજા પંખને જણાવ્યું.

**પોતાની સંસ્કૃતિ, પરંપરા અને ધાર્મિક આસ્થાને જીવંત રાખતા આ પરિવારો શ્રાવણ માસ દરમિયાન વિશેષ ભક્તિભાવ સાથે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરે છે.**

## શ્રી ગણેશ ઉત્સવ સમિતિ સુરત શહેર દ્વારા સચિન અને સચિન GIDC પોલીસ સ્ટેશન માટે સંયોજક મંડળની નિમણૂક

### ગણેશોત્સવનું આયોજન સુવ્યવસ્થિત અને શાંતિપૂર્ણ રીતે સંપન્ન થાય તે માટે જવાબદારીઓનું વિતરણ

**પ્રજા પંખ, સુરત :** શ્રી ગણેશ ઉત્સવ સમિતિ સુરત શહેરના પ્રમુખશ્રી અનિલભાઈ બિસ્કીટવાલાના અધ્યક્ષસ્થાને તથા ઉપપ્રમુખશ્રી મેહુલભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આગામી ગણેશોત્સવને સુવ્યવસ્થિત, શાંતિપૂર્ણ અને સફળતાપૂર્વક ઉજવવાના હેતુથી સચિન પોલીસ સ્ટેશન અને સચિન GIDC પોલીસ સ્ટેશન વિસ્તાર માટે સંયોજક, સહસંયોજક તેમજ સોશિયલ મીડિયા સંયોજકોની નિમણૂક કરવામાં આવી હતી.

આ પ્રસંગે સમિતિના હોદ્દેદારોએ તમામ નિયુક્ત સંયોજકો અને સહસંયોજકોને શુભેચ્છાઓ પાઠવી હતી તથા ગણેશોત્સવ દરમિયાન પોલીસ તંત્ર, સ્થાનિક ગણેશ મંડળો અને નાગરિકો સાથે સુમેળ સાધી કાયદો અને વ્યવસ્થા જળવાય, પર્યાવરણમૈત્રી ગણેશોત્સવનો સંદેશ વ્યાપક બને તેમજ દરેક કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થાય તે માટે નિષ્ઠાપૂર્વક કામગીરી કરવાની અપીલ કરી હતી.

સમિતિએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે નવી નિયુક્ત ટીમ પોતાની જવાબદારી નિષ્ઠા, સમર્પણ અને સેવાભાવ સાથે નિભાવશે તથા સુરત શહેરમાં આદર્શ







અને સુવ્યવસ્થિત ગણેશોત્સવના આયોજનમાં મહત્વપૂર્ણ યોગદાન આપશે અને નિર્ણાયકોની ટીમ પણ ટૂંકમાં જાહેર થશે એવું ઉપપ્રમુખ મેહુલ પટેલે જણાવ્યું.

**સચિન પોલીસ સ્ટેશન વિસ્તાર માટે**

**સંયોજકઃ** પ્રશાંત દેસાઈ,
**સહસંયોજકોઃ** પ્રકાશ શર્મા, દીપક ચૌધરી, જેકી પટેલ, તેજસ જૈન અને વિરલ રાંદેરવાલા,
**સોશિયલ મીડિયા સંયોજકઃ** હરિત દેસાઈ,
**સહ-સોશિયલ મીડિયા સંયોજકઃ** આનંદ પાટીલ

**સચિન GIDC પોલીસ સ્ટેશન વિસ્તાર માટે**

**સંયોજકઃ** નિર્મલ પટેલ,
**સહસંયોજકોઃ** રાજુ પટેલ, મનીષ પટેલ, સંતોષ ગુપ્તા, મુકેશભાઈ પરમાર અને અવિનાશ પટેલ.
**સોશિયલ મીડિયા સંયોજકઃ** રાહુલ પટેલ
**સહ-સોશિયલ મીડિયા સંયોજકઃ** જીગર ટેલર

OWNER, PUBLISHER, PRINTER & EDITOR- MITALKUMAR PRAKASHBHAI BHAVSAR. PRINTED BY- UNNATI PRINTERS, -29 NATIONAL IND. SOC., OLD UNN NAKA, SURAT-NAVASARI MAIN ROAD, SURAT-394210 PUBLISHED AT -971, ADARSH NAGAR SOCIETY, KANAKPUR, G.H.BOARD, SACHIN. SURAT. (GUJARAT)-394230